માન. ધારાસભ્યશ્રી શિવાભાઈ ગોહિલ

૯૯-મહુવા

માન.મંત્રીશ્રી (નાણા) એ સહકાર માટે રૂ. ૧૩૪.૫૧૮૧ કરોડની પુરક માંગણી મુકેલ છે તેને હું મારૂ સમર્થન આપુ છું.

રાજ્યમાં કુલ ૧૭- જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો, ૧- કોડીનાર તાલુકા યુનિયન કો. ઓપ. બેંક તથા ૧૦,૩૦૦ જેટલી પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળીઓ આવેલ છે. જેના મારફતે ખેડૂતોને કૃષિ વિષયક ધિરાણ આપવાની કામગીરી કરવામાં આવે છે.

નાબાર્ડની ક્રેડીટ પોલીસી મુજબ, રાજ્યના સહકારી ધિરાણ માળખા સાથે જોડાયેલ ખેડૂતોને પણ ૭% ના વ્યાજના દરે ટુંકી મુદતનું પાક ધિરાણ મળી રહે તે માટે નાબાર્ડ તરફથી મળતા રી-ફાયનાન્સ સિવાય સહકારી ધિરાણ માળખા દ્વારા તેઓના Own Fund માંથી કરેલ ધિરાણ ઉપર ભારત સરકારશ્રી તરફથી મળતાં વ્યાજ રાહત (ઇન્ટરેસ્ટ સબવેન્શન) ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા પણ સહકારી ધિરાણ માળખાને ૨% વ્યાજ રાહત પૂરી પાડવા રાજ્ય સરકારશ્રી દ્વારા તા.૨૭/૨/૨૦૦૯ ના ઠરાવથી ઠરાવવામાં આવેલ છે. જેના પરિણામે રાજ્યના ખેડૂતોને સને ૨૦૦૯-૧૦ થી ૭% ના દરે પાક ધિરાણ ઉપલબ્ધ થાય છે.

ઉપરાંત નાબાર્ડની પ્રવર્તમાન પોલીસી અનુસાર ખેડૂતો દ્વારા લેવામાં આવતા અને સમયસર પરત ભરપાઇ થતાં રૂ.૩/- લાખ સુધીના પાક ધિરાણ ઉપર ૩% વ્યાજ રાહત આપવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોને આપવામાં આવતી ૩% વ્યાજ રાહત ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા પણ ખરીફ-૨૦૧૫ થી ખેડૂતોને ૩% વ્યાજ રાહત આપવા અંગેની યોજના નવી બાબત તરીકે તા.૨૦/૦૫/૨૦૧૬ ના ઠરાવથી મંજુર કરવામાં આવેલ હતી. જેના પરિણામે ખેડૂતોને ૧% ના દરે પાક ધિરાણ ઉપલબ્ધ થતું હતું.

રાજ્યના ખેડૂતોને પાક ધિરાણ ઉપર ૧% વ્યાજ પણ ચુકવવું ન પડે તે માટે રાજ્ય સરકાર દ્વારા તા.૧૮/૧૦/૨૦૧૭ ના ઠરાવથી ત્રણ લાખ સુધીના પાક ધિરાણ ઉપર ૪ % વ્યાજ સહાય આપવાનો ઐતિહાસિક નિર્ણય કરેલ છે. આમ, ગુજરાત રાજ્યમાં રૂ.૩/- લાખ સુધીનું પાક ધિરાણ સમયસર પરત ભરપાઈ કરતાં ખેડૂતોને

૦% (શૂન્ય ટકા) ના દરે ધિરાણ ઉપલબ્ધ થાય છે. જેના પરિણામે ખેડૂતો સમયસર પાક ધિરાણ ભરપાઇ કરવા પ્રોત્સાહિત થયેલ છે. આના પરિણામે સહકારી સંસ્થાઓની વસુલાતમાં પણ સુધારો થયેલ છે. આ માટે ચાલુ નાણાંકીય વર્ષમાં રૂ. ૧૦૦૦ કરોડ જેટલી માતબર રકમની જોગવાઇ કરવામાં આવેલ છે. ગત વર્ષે આ યોજના અંર્તગત રૂ. ૧૬૧૧.૬૨ કરોડ ચૂકવવામાં આવેલ હતા.

આમ, વૈશ્વિક મહામારીની કપરી પરિસ્થિતિ કે કુદરતી આપદા હોય, વિપરિત સંજોગોમાં રાજ્ય સરકાર સતત ખેડૂતોની ચિંતા કરી જગતના તાતની પડખે ઉભા રહી તેઓની આર્થિક સ્થિતિમાં ઉત્તરોત્તર ઉન્નતી થાય તે દિશામાં સતત પ્રયત્નશીલ અને સકારાત્મક ભુમિકા અદા કરવામાં અગ્રેસર છે.આ યોજનાના કારણે ખેડુતોને શાહુકારોના શોષણમાંથી છુટકારો મળેલ છે,ખેડુતોના માલ ઉત્પાદનમાં વધારો થવાથી આર્થિક સ્થિતિ મજબુત બનેલ છે તેમજ સહકારી સંસ્થાઓ જેવી કે પેક્સ અને બેંકો આર્થિક રીતે મજબુત બનેલ છે.જેનાથી સહકારી પ્રવૃત્તિમાં ઉત્તરોત્તર વધારો થયેલ છે.

આમ, ખેડૂતોને પાક ધિરાણ ભરપાઇ કરવામાં રાજ્ય સરકારશ્રી દ્વારા રાહત પ્રદાન કરી, સરકારશ્રીની સદાય ખેડૂતોની પડખે ઉભા રહેવાની નેમ ઉજાગર કરી સને ૨૦૨૩-૨૪ ના નાણાંકીય વર્ષમાં આ યોજના હેઠળ કરવામાં આવેલ રૂ.૧૦૦૦/- કરોડની બજેટ જોગવાઇ ઉપરાંત સુધારેલ અંદાજોમાં વ્યાજ રાહત માટે વધારાના રૂ.૩૮૯/- કરોડની રકમ મંજુર કરી કુલ રૂ. ૧૩૮૯/- કરોડની માતબર રકમ ચુકવવામાં આવનાર છે.

ચાલુ વર્ષના અંદાજપત્રમાં સહકારને સહાયક અનુદાન અંગે રૂા. ૧૭૧૯.૦૪૫૪ કરોડની જોગવાઇ સામે રજીસ્ટ્રાર સહકારની કચેરીના કોમ્પ્યુટરાઈઝેશન માટેની યોજના અંતર્ગત હાર્ડવેર પ્રોક્યોરમેન્ટ, વ્યાજ સહાય માટે ખેડૂતોને નાણાકિય સહાય,રાજ્યની નબળી બજાર સમિતિઓના રીસ્ટ્રક્ચરીંગ માટે તથા સહકારી મંડળીઓના નોંધણી અધિકારી માટે નવા વાહનોની ખરીદી થવાના કારણે રૂ. ૧૩૪.૫૧૮૧ કરોડની પૂરક માગણી રજૂ કરવામાં આવેલ છે જેને હું સમર્થન આપુ છું.

***